GJPM050014822025

| | | |
|---|---|---|
| કેસ દાખલ તારીખ. | : | ૧૮/૦૯/૨૦૨૫ |
| કેસ રજી. લીધા તારીખ. | : | ૧૮/૦૯/૨૦૨૫ |
| કેસ ફેસલ તારીખ. | : | ૨૯/૦૬/૨૦૨૬ |
| સમયગાળો. | : | વર્ષ માસ દિવસ |

*****************************************************************

**શહેરાના મહેરબાન એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં, મું. શહેરા.**

*****************************************************************

**ક્રિમીનલ કેસ નંબર:–૧૧૧૪/૨૦૨૫**

**આંક:–**

**ફરીયાદી :–** શ્રી સરકાર.

**:: વિરૂધ્ધ ::**

**આરોપી :–** કાનાભાઈ કુબેરભાઈ પરમાર (વણકર)
મૂળ રહે. વાવડીખુર્દ, વણકરવાસ,
તા. ગોધરા, જિ. પંચમહાલ.
હાલ રહે. શકિતનગર સોસાયટી,
નેક્ષા શો–રૂમની પાછળ, ગોધરા,
જિ. પંચમહાલ.

**ગુન્હો ::–બી.એન.એસ. કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૦૬(૧) તથા એમ.વી.એકટ કલમ–૧૯૬, ૧૭૭, ૧૮૪, મુજબ.**

**:: સરકાર પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી કે.એન. પરમાર ::**
**:: બચાવ પક્ષ તરફે વિ.વ.શ્રી આર.એલ. પરમાર ::**

**:: જજમેન્ટ ::**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૩૦/૦૩/૨૦૨૫ ના કલાક.૧૨:૧૫ વાગ્યે મોજે. ચિત્રીપુર બોર્ડથી બસો મીટર દૂર રોડ ઉપર આ કામના મરણ જનાર કમલેશભાઈ ખાતુભાઈ પટેલ નાઓ પોતાની મોટર સાયકલ રજી.નં.જી.જે.૧૭.એ.એફ.૫૪૧૬ ની લઈને મોરવા જતા હતા તે વખતે આ કામના મોટર સાયકલ રજી.નં.જી.જે.૧૭.એ.જી.૧૦૬૩ ના ચાલક આરોપી કાનાભાઈ કુબેરભાઈ પરમાર (વણકર) નાઓએ મોટર સાયકલની વીમા પોલીસી નહીં રાખી પોતાના કબજાની મોટર સાયકલ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી આ કામના મરણ જનારની મોટર સાયકલને પાછળના ભાગેથી અથડાવી દેતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી સારવાર દરમ્યાન મોત નિપજાવી, બી.એન.એસ. કલમ-૨૮૧,૧૨૫(એ),૧૦૬(૧) તથા એમ.વી.એકટ કલમ-૧૯૬, ૧૭૭, ૧૮૪, મુજબના શિક્ષાપાત્ર ગુનાની ફરીયાદ થતા આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા અત્રેની અદાલતમાં ઉપરોકત ગુન્હા સબબ હાલનુ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૨) સદર કામે આરોપીને અત્રેથી સમન્સની બજવણી બાદ તેઓ કોર્ટમાં રૂબરૂ હાજર થતા ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭, અન્વયે તેઓને પોલીસ પેપર્સની નકલો આપી તે મળી ગયા અંગેની ખાત્રી કર્યા બાદ આરોપીની પ્લી લેવામાં આવતા તેઓએ ગુન્હા કબુલાત હકીકતનો ઈન્કાર કરતા સદર કામ આગળની ઈન્સાફી કાર્યવાહી સારૂ રાખવામાં આવેલ છે.

**(૩) ફરીયાદ પક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.**

**<u>મૌખિક પુરાવો</u> :-**

આંક: ૦૪ ફરીયાદી ઈશ્વરભાઈ ખાતુભાઈ પટેલની જુબાની.

આંક: ૦૬ સાહેદ બીમલકુમાર કમલેશભાઈ પટેલની જુબાની.

આંક: ૦૭ સાહેદ જયોત્સનાબેન કમલેશભાઈ પટેલની જુબાની.

આંક: ૦૮ સાહેદ વિનોદભાઈ ડાહયાભાઈ પટેલની જુબાની.

આંક: ૧૩ ત.ક.અ. અશ્વિનકુમાર જોખનાભાઈ તડવીની જુબાની.

**દસ્તાવેજી પુરાવો :–**

આંક: ૦૫ ફરીયાદ.

આંક: ૦૯ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ.

આંક: ૧૦ ઈન્કવેસ્ટ પંચનામુ.

આંક: ૧૧ પી.એમ. રીપોર્ટ.

વધુમાં સદરહુ કામે ફરીયાદપક્ષે ઉપરોકત પુરાવા સિવાય કોઈ લેખીત કે મૌખિક પુરાવો આપવો નથી તેવુ જણાવી આંક: ૧૨ થી પુરાવા બંધની પુરશીસ રજુ કરતા તે રેકોર્ડેડ કરેલ છે.

(૪) સદરહુ કામે ફરીયાદ પક્ષે ઉપરોકત પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવો રજુ થયેલ નથી. ફરીયાદ પક્ષના પુરાવાને ધ્યાને લેતા, આ કામના આરોપીનુ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩, મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ ગુન્હાની હકીકતોનો ઈન્કાર કરેલ છે. ત્યારબાદ બન્ને પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે, આ કામે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લેતા ફરીયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકેલ હોય, આરોપીને તકસીરવાન ઠરાવી કાયદા મુજબ મહત્તમ સજા કરવા અરજ કરેલ છે.

જયારે બચાવપક્ષે વિ.વ.શ્રીએ એવી દલીલ કરી જણાવેલ છે કે, આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો વંચાણે લેતા આરોપી વિરૂઘ્ધ ફરમાવેલ તહોમત મુજબનો ગુનો પુરવાર થતો ન હોય, જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**(૬) આમ, ઉપરોકત હકીકતે આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ મારી સમક્ષ ઉપસ્થિત થાય છે.**

૧. શું ફરીયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૩૦/૦૩/૨૦૨૫ ના કલાક.૧૨:૧૫ વાગ્યે મોજે. ચિત્રીપુર બોર્ડથી બસો મીટર દૂર રોડ ઉપર આ કામના મરણ જનાર કમલેશભાઈ ખાતુભાઈ પટેલ નાઓ પોતાની મોટર સાયકલ રજી.નં.જી. જે.૧૭.એ.એફ.૫૪૧૬ ની લઈને મોરવા જતા હતા તે વખતે આ કામના મોટર સાયકલ રજી.નં.જી.જે.૧૭.એ.જી.૧૦૬૩ ના ચાલક આરોપી કાનાભાઈ કુબેરભાઈ પરમાર (વણકર) નાઓએ મોટર સાયકલની વીમા પોલીસી નહીં રાખી પોતાના કબજાની મોટર સાયકલ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી આ કામના મરણ જનારની મોટર સાયકલને પાછળના ભાગેથી અથડાવી દેતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી સારવાર દરમ્યાન મોત નિપજાવી, બી.એન.એસ. કલમ–૨૮૧,૧૨૫(એ),૧૦૬(૧) તથા એમ.વી.એકટ કલમ–૧૯૬, ૧૭૭, ૧૮૪, મુજબનો શિક્ષાપાત્ર ગુનો કર્યો છે ?

૨. શું હુકમ ?

**(૭) ઉપરોકત મુદ્દાઓ માટેના મારા નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.**

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**:: કા ર ણો ::**

**મુદ્દા નંબર ::–૧**

સદર કામે ફરીયાદ પક્ષ તરફે ફરીયાદીની ફરીયાદના અનુસંધાનમાં આરોપી વિરૂધ્ધ તે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ધ્વારા રેકર્ડ પર રજુ કરી તે મુજબનો ગુન્હો શંકા રહીત પુરવાર કરવો જોઈએ. આરોપી પક્ષે ઉલટ તપાસ ધ્વારા ફરીયાદ પક્ષના પુરાવામાં સંભવિત શંકા ઉપસ્થિત થાય છે તે મુજબ રેકર્ડ પર પ્રસ્થાપિત કરવો જોઈએ અને જો કોઈ વિશેષ બચાવ પોતાનો હોય તો તે મુજબનો તેમનો બચાવ રજુ કરવો જોઈએ. જો આવા કોઈ વિશેષ પુરાવામાં આરોપી પક્ષ નિષ્ફળ ગયેથી ફરીયાદ

પક્ષનો પુરાવો સફળ થાય છે તેવુ માની શકાય નહીં. પરંતુ સૌ પ્રથમ ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ શંકા રહિતનો પુરાવો રજુ કરવો જોઈએ તેવુ કાયદાનુ ધોરણ છે.

(૮) આ કામે આરોપી વિરૂધ્ધનો આક્ષેપિત ગુનો પુરવાર કરવા માટે આંક: ૦૪ થી ફરીયાદપક્ષે ફરીયાદી ઈશ્વરભાઈ ખાતુભાઈ પટેલને સોગંદ પર તપાસતા તેઓએ જણાવેલ છે કે, બનાવ ગઈ તા.૩૦/૦૩/૨૦૨૫ ના રોજ સવારના અરસામાં હું ગોધરા મારા ઘરે હતો ત્યારે મારા વેવાઈ વિનોદભાઈનો મારા પર ફોન આવેલ અને મને જણાવેલ કે તેઓ મોરવાથી ઘરે જતા હતા ત્યારે ચીત્રીપુર ગામે કમલેશભાઈ નાઓનો અકસ્માત થયેલ છે અને મોંઢાના ભાગે તથા શરીરે ઈજાઓ થયેલી છે તેવુ જણાવેલુ અને ઈજા પામનારને ખાનગી વાહનમાં બેસાડીને મોરવા ખાનગી હોસ્પિટલમાં દવા સારવાર કરાવેલી, તેમના ઘરે મુકવા ગયેલા અને તે દરમ્યાન ઘરે જઈને ઈજા પામનારને છાતીમાં દુ:ખાવો થતા તેઓને ગોધરા ખાનગી દવાખાને લઈને આવુ છુ તેવુ જણાવતા હુ ગોધરા ખાનગી દવાખાનામાં ગયેલો જયાં ડો. સાહેબે મારા ભાઈ કમલેશને માથામાં વધુ વાગેલ હોય વડોદરા સારવાર માટે લઈ જવાનુ જણાવતા અમો કમલેશભાઈને શુકન હોસ્પિટલમાં લઈ ગયેલા જયાં દવા સારવાર દરમ્યાન મરણ ગયેલાનુ જાહેર કરેલુ. જેથી તેઓને પી.એમ. રૂમમાં મુકાવી જે બાબતની ફરીયાદ મે આપેલી. મને ફરીયાદ બતાવતા તેમાં મારી સહી ઓળખી બતાવુ છું જેને રજુ દાખલ આંક: ૦૫ છે. આરોપીને જોયેથી ઓળખી શકુ નહીં.

આમ, સદરહુ સાહેદ તેમની જુબાનીમાં ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન આપતા નહીં હોવાથી એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સદરહુ સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવ્યા છે અને સાહેદની ફરીયાદ પક્ષ ધ્વારા વિગતવાર ઉલટ તપાસ કરવામાં આવેલી છે તેમ છતા પણ ફરીયાદ પક્ષ તેમને મદદરૂપ થઈ શકે તેવો કોઈજ પુરાવો આ સાહેદની પાસેથી બહાર કઢાવી શકેલ નથી.

જયારે બચાવપક્ષે કરેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે હુ ઘરે હતો, બનાવ મેં નજરે જોયેલો નથી. એ વાત ખરી છે કે,

આરોપી જોડે સમાધાન થઈ ગયેલ છે.

(૯) ત્યારબાદ આ કામે આંક: ૦૬ થી ફરીયાદ પક્ષે સાહેદ બીમલકુમાર કમલેશભાઈ પટેલને સોગંદ પર તપાસતા તેઓએ જણાવેલ છે કે, બનાવ ગઈ તા.૩૦/૦૩/૨૦૨૫ ના રોજ સવારના અરસામાં હુ અમદાવાદ મુકામે હતો ત્યારે મારા કાકા ઈશ્વરભાઈ ખાતુભાઈ પટેલ નાઓએ ફોનથી જણાવેલ કે, મારા પિતા મોરવાથી ઘરે જતા હતા ત્યારે ચીત્રીપુર ગામે અકસ્માત થયેલ છે અને મોંઢાના ભાગે તથા શરીરે ઈજાઓ થયેલી છે તેવુ જણાવેલુ અને મારા પિતાને ખાનગી વાહનમાં બેસાડીને મોરવા ખાનગી હોસ્પિટલમાં દવા સારવાર કરાવેલી અને વધુ સારવાર માટે ગોધરા ખાનગી હોસ્પિટલમાં ગયેલો અને ત્યાંથી વધુ સારવાર માટે વડોદરા ખાતે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયેલ છે તેવુ જણાવતા હુ વડોદરા મુકામે દવાખાને ગયેલો. મેં જોયેલ તો મારા પિતાને મોંઢાના ભાગે ઈજાઓ થયેલી અને દવા સારવાર ચાલુ હતી અને સારવાર દરમ્યાન મારા પિતા મરણ ગયા છે તેવુ ડોકટરશ્રીએ જણાવેલુ. જે બનાવની ફરીયાદ મારા કાકા ઈશ્વરભાઈએ આપેલી અને પોલીસે બનાવ બાબતે મારો જવાબ લખાવેલો. બનાવ વખતે મોટર સાયકલના ચાલકને જોયેલો નહીં જેથી જોયેથી ઓળખી શકુ નહીં. મને મોટર સાયકલનો નંબર ખબર નથી.

આમ, સદરહુ સાહેદ તેમની જુબાનીમાં ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન આપતા નહીં હોવાથી એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સદરહુ સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવ્યા છે અને સાહેદની ફરીયાદ પક્ષ ધ્વારા વિગતવાર ઉલટ તપાસ કરવામાં આવેલી છે તેમ છતા પણ ફરીયાદ પક્ષ તેમને મદદરૂપ થઈ શકે તેવો કોઈજ પુરાવો આ સાહેદની પાસેથી બહાર કઢાવી શકેલ નથી.

જયારે બચાવપક્ષે કરેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવના સમયે હુ અમદાવાદ મુકામે હોય મેં બનાવ નજરો નજર જોયેલ નથી. એ વાત ખરી છે કે, અમારે સમાધાન થઈ ગયેલ છે.

(૧૦) ત્યારબાદ આ કામે આંક: ૦૭ થી ફરીયાદ પક્ષે સાહેદ જયોત્સનાબેન કમલેશ

ભાઈ પટેલને સોગંદ પર તપાસતા તેઓએ જણાવેલ છે કે, બનાવ ગઈ તા.૩૦/૩/૨૫ ના રોજ સવારના અરસામાં હુ મારા ઘરે હતી ત્યારે અને મારા પતિ કામ અર્થે ઘરેથી મોરવા જવા નીકળેલા તે વખતે અમારા વેવાઈ વિનોદભાઈ ડાહ્યાભાઈ પટેલ નાઓ ફોનથી જણાવેલ કે, મારા પતિ મોરવાથી ઘરે આવતા હતા ત્યારે ચીત્રીપુર ગામે અકસ્માત થયેલ છે અને મોંઢાના ભાગે તથા શરીરે ઈજાઓ થયેલી છે તેવુ જણાવેલુ અને મારા પતિને ખાનગી વાહનમાં બેસાડીને મોરવા ખાનગી હોસ્પિટલમાં દવા સારવાર કરાવેલી અને વધુ સારવાર માટે ગોધરા ખાનગી હોસ્પિટલમાં ગયેલા અને ત્યાં થી વધુ સારવાર માટે વડોદરા ખાતે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયેલ છે અને દવા સારવાર ચાલુ હતી તે દરમ્યાન મારા પતિ મરણ ગયા છે તેવુ ડોકટરશ્રીએ જણાવેલુ. જે બનાવની ફરીયાદ મારા જેઠ ઈશ્વરભાઈએ આપેલી અને પોલીસે બનાવ બાબતે મારો જવાબ લખાવેલો. બનાવ વખતે મોટર સાયકલના ચાલકને જોયેલો નહીં જેથી જોયેથી ઓળખી શકુ નહીં. મને મોટર સાયકલનો નંબર ખબર નથી.

આમ, સદરહુ સાહેદ તેમની જુબાનીમાં ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન આપતા નહીં હોવાથી એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સદરહુ સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવ્યા છે અને સાહેદની ફરીયાદ પક્ષ ધ્વારા વિગતવાર ઉલટ તપાસ કરવામાં આવેલી છે તેમ છતા પણ ફરીયાદ પક્ષ તેમને મદદરૂપ થઈ શકે તેવો કોઈજ પુરાવો આ સાહેદની પાસેથી બહાર કઢાવી શકેલ નથી.

જયારે બચાવપક્ષે કરેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવના સમયે હુ મારા ઘરે હોય મેં બનાવ નજરો નજર જોયેલ નથી. એ વાત ખરી છે કે, અમારે સમાધાન થઈ ગયેલ છે.

**(૧૧)** ત્યારબાદ આ કામે આંક: ૦૮ થી ફરીયાદ પક્ષે સાહેદ વિનોદભાઈ ડાહ્યાભાઈ પટેલને સોગંદ પર તપાસતા તેઓએ જણાવેલ છે કે, બનાવ ગઈ તા.૩૦/૦૩/૨૦૨૫ ના રોજ સવારના અરસામાં હુ મારી મોટર સાયકલ લઈને મોરવાથી ઘરે જતો હતો તે વખતે ચીત્રીપુર ગામે અકસ્માત થયેલ હોય હુ જોવા માટે ઉભો રહેલો અને મેં જોયેલ

તો મારા વેવાઈ કમલેશભાઈ ખાતુભાઈ નાઓ હતા અને તેમને મોંઢાના ભાગે તથા શરીરે ઈજાઓ થયેલી હોય તેમને ખાનગી વાહનમાં બેસાડીને મોરવા ખાનગી હોસ્પિટલમાં દવા સારવાર કરાવેલી અને તેમના ઘરે જાણ કરેલી અને ત્યાંથી વધુ સારવાર માટે ગોધરા ખાનગી હોસ્પિટલમાં ગયેલા અને ત્યાંથી વધુ સારવાર માટે વડોદરા ખાતે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયેલ અને દવા સારવાર ચાલુ હતી તે દરમ્યાન મારા વેવાઈ મરણ ગયા છે તેવુ ડોકટરશ્રીએ જણાવેલુ. જે બનાવની ફરીયાદ ઈશ્વરભાઈએ આપેલી અને પોલીસે બનાવ બાબતે મારો જવાબ લખાવેલો. બનાવ વખતે મોટર સાયકલના ચાલકને જોયેલો નહીં જેથી જોયેથી ઓળખી શકુ નહીં. મને મોટર સાયકલનો નંબર ખબર નથી.

આમ, સદરહુ સાહેદ તેમની જુબાનીમાં ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન આપતા નહીં હોવાથી એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સદરહુ સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવ્યા છે અને સાહેદની ફરીયાદ પક્ષ ધ્વારા વિગતવાર ઉલટ તપાસ કરવામાં આવેલી છે તેમ છતા પણ ફરીયાદ પક્ષ તેમને મદદરૂપ થઈ શકે તેવો કોઈજ પુરાવો આ સાહેદની પાસેથી બહાર કઢાવી શકેલ નથી.

જયારે બચાવપક્ષે કરેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ બન્યા બાદ હુ સ્થળે ગયેલ હોય બનાવ મેં નજરો નજર જોયેલ નથી. એ વાત ખરી છે કે, અમારે સમાધાન થઈ ગયેલ છે.

**(૧૨)** ત્યારબાદ આ કામે આંક: ૧૩ થી ફરીયાદ પક્ષે ત.ક.અ.અશ્વિનકુમાર જોખનાભાઈ તડવીને સોગંદ પર તપાસતા તેઓએ જણાવેલ છે કે, સને.૨૦૨૫ ના વર્ષમાં હુ શહેરા પો.સ્ટે. ખાતે પી.એસ.આઈ. તરીકે મારી ફરજ પર હાજર હતો ત્યારે શહેરા પો.સ્ટે.ગુ.ર.નં.૩૧૮/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ-૨૮૧, ૧૨૫(એ),૧૦૬ (૧) તથા એમ.વી.એકટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૯૬, મુજબની ફરીયાદ ઈશ્વર ભાઈ ખાતુભાઈ પટેલ, રહે. રેણા મોરવા નાઓએ આરોપી વિરુધ્ધ નોંધાવેલ, જેની પ્રાથમિક તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એલ. શેવાળે તપાસ સંભાળી લઈ તેઓએ જરૂરી

પંચનામા કરેલા તેમજ લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેઓએ લીધેલા. ત્યારબાદ તેમની બદલી થતા આગળની તપાસ મારી તરફ આવતા મેં સંભાળી લઈ સાહેદોના નિવેદનો લઈ જરૂરી મેડીકલ પેપર્સ મેળવેલા અને આરોપીને અટક કરી જામીન મુકત કરેલા. ત્યારબાદ આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો પડતા આરોપી વિરુધ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલુ. આરોપીને હુ ઓળખુ છુ જે આજરોજ કોર્ટમાં હાજર છે.

જયારે બચાવપક્ષે કરેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યા એ હાઈવે રોડ તથા ઢાળવાળો રોડ છે અને ત્યાં ઘણા બધા વાહનો તથા માણસોની અવરજવર થાય છે. એ વાત ખરી છે કે, ફરીયાદીના સગા સબંધી સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીની ઓળખ પરેડ કરાવેલ નથી.

**(૧૩)** વધુમાં આ કામે આંક: ૦૯ થી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ, આંક: ૧૦ થી ઈન્કવેસ્ટ પંચનામુ તેમજ આંક: ૧૧ થી પી.એમ. રીપોર્ટ ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરેલ છે, તે જોતા સાહેદ કમલેશભાઈ ખાતુભાઈ પટેલ નાઓ મરણ ગયેલ હોવાનુ જણાઈ આવેલ છે. પરંતુ ફરીયાદ પક્ષનો રેકર્ડ ઉપર આવેલ ઉપરોકત સમગ્ર પુરાવો જોતા આરોપીની અકસ્માતમાં સંડોવાયેલ વાહન ચલાવવામાં કોઈ જાતની ગુનાહીત બેદરકારી જણાઈ આવેલ નથી કે, પોતાના કબજા હવાલાનુ વાહન પુરઝડપે અને બેફીકરાઈથી માણસની જીંદગી જોખમાય તે રીતે ચલાવી અકસ્માત સર્જેલ હોય અને સાહેદ કમલેશભાઈ ખાતુભાઈ પટેલનુ ઈજાથી મૃત્યુ નિપજાવેલ હોય તેવી મહત્વની હકીકત ફરીયાદપક્ષે રેકર્ડ પર રજુ થયેલ મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોય તેવુ અત્રેની કોર્ટનુ માનવુ છે.

આમ, જયારે મહત્વના સાહેદો અને ખુદ ફરીયાદીએ જયારે ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ ના હોય, તેમજ આરોપીની ઓળખ વિશેનો કોઈ પુરાવો રજુ થયેલ ન હોય,જેથી આરોપીને આરોપ સાથે સાંકળતો લેશમાત્ર પુરાવો ના હોય, આરોપીને નિર્દોષ ઠરાવીને છોડી મુકવા રહયા.

**(૧૪)** ઉપરોકત તમામ હકીકતોને લક્ષમાં લેતા ફરીયાદપક્ષ આરોપી સામેનુ તહોમત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલા હોય, આરોપીને આરોપ સાથે સાંકળતી એકમેક કડી પુરવાર કરવામાં આવેલ ના હોય, ફરીયાદ પક્ષનો પુરાવો વિશ્વાસનિય, માનવાલાયક અને એકબીજાને પુરક ના હોય, આરોપી સામેનુ તહોમત નિ:શંકપણે પુરવાર થતુ ના હોય, આરોપીની સામે આક્ષેપાયેલ ગુના મુજબની હકીકતો પુરવાર થતી ના હોય, મુદ્દા નંબર.૧ નકારમાં ઠરાવીને મુદ્દા નંબર.૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**:: <u>આખરી હુકમ</u> ::**

**(૧)** આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૫(૧), અન્વયે બી.એન.એસ.કલમ-૨૮૧, ૧૨૫(એ), ૧૦૬(૧) તથા એમ.વી.એકટ કલમ-૧૯૬, ૧૭૭, ૧૮૪, મુજબના ગુન્હાના કામે પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** ક્રિ.પ્રો.કોડની કલમ-૪૩૭ (એ) અન્વયે આરોપીના જામીનખત અપીલ સમય સુધી ચાલુ રાખવા અને અપીલ સમય પુરો થયા બાદ રદ્દ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ.૨૯/૦૬/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા.૨૯-૦૬-૨૦૨૬
સ્થળ. શહેરા

**(બી.એચ. ઓડેદરા)**
એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ, શહેરા.
**જજ કોડ:-જીજે૦૦૮૦૪**